# ડી-સ્ટ્રીમિંગ **વિષે** પરિવારો શું જાણવા માગે છે

| ડી-સ્ટ્રીમિંગ | |
|---|---|
| **સ્ટ્રીમિંગ એટલે શું?** | • સ્ટ્રીમિંગ એટલે વિદ્યાર્થીઓને શૈક્ષણિક (એકેડેમિક), વ્યવહારુ (એપ્લાઇડ) અને સ્થાનિક રીતે વિકસિત કરેલ (લોકલિ ડેવલપ્ડ) અભ્યાસક્રમના પ્રવાહોમાં અલગ કરવા. |
| **ડી-સ્ટ્રીમિંગ એટલે શું?** | • ડી-સ્ટ્રીમિંગ એટલે શાળાઓ હવે પછી એપ્લાઇડ સ્ટ્રીમ (વ્યવહારુ પ્રવાહ) ના અભ્યાસક્રમો કરાવશે નહીં. |
| **અભ્યાસક્રમો શા માટે ડી-સ્ટ્રીમ કરવામાં આવી રહ્યા છે?** | • સંશોધન દર્શાવે છે કે ડી-સ્ટ્રીમિંગ વિદ્યાર્થીઓ માટે સારા પરિણામો લઈ આવે છે ખાસ કરીને જેઓ હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોમાંથી આવતા હોય. |
| **વિશેષ શિક્ષણ (સ્પેશિયલ એજ્યુકેશન) ની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને કેવી રીતે મદદ કરવામાં આવશે?** | • જે વિદ્યાર્થીઓને વિશેષ શિક્ષણની જરૂરિયાતો હોય તેમના માટે શિક્ષકો વ્યક્તિગત શિક્ષણ યોજના (ઈંડિવિજ્યુયલ એજ્યુકેશન પ્લાન) નો અમલ કરશે.<br>• માધ્યમિક શાળામાં પણ વિદ્યાર્થીઓને મદદ કરવા શિક્ષકો વિશેષ શિક્ષણ સંસાધન શિક્ષકો (સ્પેશિયલ એજ્યુકેશન રિસોર્સ ટીચર્સ) સાથે સહયોગથી કામ કરવાનું ચાલુ રાખશે. |

| લોકલિ ડેવલપ્ડ કોર્સ (સ્થાનિક રીતે વિકસિત અભ્યાસક્રમો) | |
|---|---|
| **લોકલિ ડેવલપ્ડ (અથવા અત્યાવશ્યક (એસેન્શિઅલ) અભ્યાસક્રમો એટલે શું?** | • લોકલિ ડેવલપ્ડ અભ્યાસક્રમો એવા વિદ્યાર્થીઓની જરૂરિયાતોમાં મદદ કરે છે જેમણે ગ્રેડ 8માં નોંધપાત્ર રીતે સુધારેલા કાર્યક્રમો મેળવેલા હોય.<br>• અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને/અથવા ઇતિહાસના વિષયોમાં ગ્રેડ 9 અને ગ્રેડ 10ના સ્તરે લોકલિ ડેવલપ્ડ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.<br>• લોકલિ ડેવલપ્ડ અભ્યાસક્રમો શૈક્ષણિક અને/અથવા કારકિર્દીની તૈયારીની જરૂરિયાતો સાચવે છે જે અન્ય અભ્યાસક્રમો દ્વારા પૂરી થતી નથી.<br>• કૉલેજ અને યુનિવર્સિટીના કાર્યક્રમો તેમજ કેટલાક તાલીમી (પ્રશિક્ષણ/ઍપ્રેન્ટિસશિપ) કાર્યક્રમોમાં પ્રવેશ માટે આ પ્રવાહના અભ્યાસક્રમો નહીં પણ સ્વીકારાય. |
| **મારા બાળકની લોકલિ ડેવલપ્ડ કાર્યક્રમ માટે કેમ ભલામણ કરવામાં આવી રહી છે?** | લોકલિ ડેવલપ્ડ અભ્યાસક્રમો લેવા માટે એવા વિદ્યાર્થીઓની ભલામણ કરવામાં આવે છે કે જેઓ:<br>• ગ્રેડ 7 અને 8ના નોંધપાત્ર રીતે સુધારેલા અભ્યાસક્રમની અપેક્ષાઓ પ્રમાણે કામ કરી રહ્યા હોય.<br>• ગ્રેડ સ્તર પર હજુ પણ કામ નથી કરી રહ્યા અને જેમને વધુ મદદની જરૂર છે. |
| **જો મારા બાળક માટે લોકલિ ડેવલપ્ડ પ્રોગ્રામિંગ ની ભલામણ કરવામાં આવે તો મારે કેવા સવાલો કરવા જોઇએ?** | • સુધારા વગર સ્વતંત્ર રીતે ગ્રેડ ના ક્યા સ્તર પર મારું બાળક કામ કરી રહ્યું છે?<br>• મારા બાળકની હાલની ઉપલબ્ધિઓનું સ્તર કયું છે?<br>• શું મારું બાળક સુધારાઓ (ગ્રેડ સ્તરની અપેક્ષાઓમાં ફેરફારો) સહિત અથવા સુવિધાઓની મદદ લઈને (અભ્યાસક્રમની અપેક્ષાઓમાં ફેરફારો વગર) કામ કરી રહ્યું છે? |
| **જો વિદ્યાર્થીઓ લોકલિ ડેવલપ્ડ અભ્યાસક્રમો લે તો, તેમના માટે ક્યા વૈકલ્પિક રસ્તાઓ (જેવાં કે તાલીમી, કૉલેજ, યુનિવર્સિટી, વર્કપ્લેસ વ.) રહે છે?** | • જે વિદ્યાર્થીઓ ગ્રેડ 9 અને 10માં લોકલિ ડેવલપ્ડ અભ્યાસક્રમો પૂર્ણ કરે તેમને સીધા ગ્રેડ 11નાં વર્કપ્લેસ અભ્યાસક્રમોમાં જવા માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે તેમને હાઈ સ્કૂલ પછી રોજગાર અને/અથવા પ્રશિક્ષણ (તાલીમાર્થી) ની તકો તરફ દોરી જાય છે.<br>• જે વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ગ્રેડ 9ના લોકલિ ડેવલપ્ડ અભ્યાસક્રમો પૂર્ણ કરે છે તેઓ ગ્રેડ 9ના એજ વિષયને અલગ પ્રકારના અભ્યાસક્રમ માટે લઈ શકે છે, જેમ કે ડી-સ્ટ્રીમ્ડ. આ રસ્તો ત્યાર પછી ગ્રેડ 11 અને 12ના કૉલેજ, ઍપ્રેન્ટિસશિપ અથવા યુનિવર્સિટી અભ્યાસક્રમો અને કાર્યક્રમો તરફ દોરી જઈ શકે છે. |

## 9મા અને 10મા ગ્રેડ નાં વિદ્યાર્થીઓ માટે કયા વિકલ્પો રહેશે?

| | 2021-2022 | 2022-2023 | 2023-2024 અને તેના પછી |
|---|---|---|---|
| **અંગ્રેજી** | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક |
| **ફ્રેંચ** | ગ્રેડ 9<br>• મુક્ત<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક<br>ગ્રેડ 10<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• મુક્ત<br>• શૈક્ષણિક<br>ગ્રેડ 10<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• મુક્ત<br>• શૈક્ષણિક<br>ગ્રેડ 10<br>• શૈક્ષણિક |
| **ભૂગોળ** | ગ્રેડ 9<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• શૈક્ષણિક |
| **ઇતિહાસ** | ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક | ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક |
| **ગણિત** | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• ડી-સ્ટ્રીમ્ડ ગણિત<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• ડી-સ્ટ્રીમ્ડ ગણિત<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• ડી-સ્ટ્રીમ્ડ ગણિત<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક |
| **વિજ્ઞાન** | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• ડી-સ્ટ્રીમ્ડ વિજ્ઞાન<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• વ્યવહારુ<br>• શૈક્ષણિક | ગ્રેડ 9<br>• લોકલિ ડેવલપ્ડ<br>• ડી-સ્ટ્રીમ્ડ વિજ્ઞાન<br>ગ્રેડ 10<br>• લોકલિ ડેવલપ્ડ<br>• શૈક્ષણિક |